प्रेस प्रकाशनी **PRESS RELEASE**

भारतीय रिज़र्व बैंक
**RESERVE BANK OF INDIA**

वेबसाइट : www.rbi.org.in/hindi
Website : www.rbi.org.in
ई-मेल/email : helpdoc@rbi.org.in

**संचार विभाग,** केंद्रीय कार्यालय, शहीद भगत सिंह मार्ग, फोर्ट, मुंबई - 400 001
**Department of Communication**, Central Office, Shahid Bhagat Singh Marg, Fort, Mumbai - 400 001 फोन/Phone: 022 - 2266 0502

04 નવેમ્બર 2024

# ભારતીય રિઝર્વ બેંકે મહેમદાવાદ અર્બન પીપલ્સ કો-ઑપરેટીવ બેંક લિ., મહેમદાવાદ, જી. ખેડા, ગુજરાત પર લાદેલો નાણાકીય દંડ

ભારતીય રિઝર્વ બેંકે તારીખ 28 ઓક્ટોબર, 2024ના આદેશ દ્વારા, મહેમદાવાદ અર્બન પીપલ્સ કો-ઑપરેટીવ બેંક લિ., મહેમદાવાદ, જી. ખેડા, ગુજરાત (બેંક) પર 'સહકારી બેંકો દ્વારા શાખ માહિતી કંપનીઓની સદસ્યતા' અને 'આપના ગ્રાહકને ઓળખો (કેવાયસી)' પર ભારતીય રિઝર્વ બેંક દ્વારા જારી કરવામાં આવેલા નિર્દેશોના ઉલ્લંઘન બદલ ₹60,000 (રૂપિયા સાઈઠ હજાર પૂરા)નો નાણાકીય દંડ લાદેલ છે. આ દંડ બેંકિંગ વિનિયમન અધિનિયમ, 1949ની કલમ 46(4)(ટ) અને કલમ 56ની સાથે પઠિત કલમ 47એ(1)(ગ) અને શાખ માહિતી કંપની (વિનિયમન) અધિનિયમ, 2005ની કલમ 25 અંતર્ગત ભારતીય રિઝર્વ બેંકને પ્રાપ્ત થતી સત્તાનો ઉપયોગ કરીને લગાવ્યો છે.

31 માર્ચ, 2023ના રોજ બેંકની નાણાકીય સ્થિતિના સંદર્ભમાં ભારતીય રિઝર્વ બેંક દ્વારા બેંકનું વૈધાનિક નિરીક્ષણ (statutory inspection) કરવામાં આવ્યું હતું. ભારતીય રિઝર્વ બેંકના નિર્દેશોના ઉલ્લંઘન સંબંધિત પર્યવેક્ષણીય તારણો (supervisory findings) અને તે સંદર્ભમાં કરવામાં આવેલા સંબંધિત પત્રવ્યવહારના આધારે, બેંકને એક નોટિસ જારી કરવામાં આવી હતી, જેમાં બેંકને તેમાં જણાવેલા નિર્દેશોનું અનુપાલન કરવાની તેની નિષ્ફળતા બદલ તેની પર દંડ શા માટે ન લાદવો, તે અંગે કારણ દર્શાવવા માટે જણાવવામાં આવ્યું હતું. બેંક દ્વારા આપવામાં આવેલા નોટિસના પ્રત્યુત્તર તેમજ વ્યક્તિગત સુનાવણી દરમિયાન કરવામાં આવેલી મૌખિક રજૂઆતોને ધ્યાનમાં લીધા બાદ, અન્ય બાબતોની સાથે સાથે, આરબીઆઈને એમ જાણવામાં આવ્યું કે બેંક વિરુદ્ધ લગાવવામાં આવેલા નીચેના આરોપો સાબિત થાય છે અને તેથી નાણાકીય દંડ લાદવો આવશ્યક છે.

બેંક નીચેની બાબતોમાં નિષ્ફળ રહી હતી:

i. ત્રણ સીઆઈસી (CICs)ને માહિતી (data) પ્રસ્તૂત કરવામાં અને એક સીઆઈસીને અપૂરતી માહિતી પ્રસ્તૂત કરી હતી, અને
ii. ન્યૂનતમ છ મહિનામાં એક વખત ખાતાઓના જોખમ આધારિત સંવર્ગીકરણની સામયિક સમીક્ષા (risk categorization) કરવામાં.

આ કાર્યવાહી વિનિયામક અનુપાલનમાં ત્રુટિઓ (deficiencies in regulatory compliance) પર આધારિત છે અને તેનો ઉદ્દેશ ઉક્ત બેંક દ્વારા તેના ગ્રાહકો સાથે કરવામાં આવેલા કોઈ પણ લેણદેણ યા કરારની વૈધતા પર સવાલ  કરવાનો નથી. વધુમાં, બેંક પર લાદવામાં આવેલો આ નાણાકીય દંડ, આરબીઆઈ દ્વારા બેંકની વિરુદ્ધ લેવામાં આવી શકે તેવા કોઈપણ બીજા પગલાને બાધ નથી કરતો.

**(પુનીત પંચોલી)**
**મુખ્ય મહાપ્રબંધક**

**પ્રેસ જાહેરાત: 2024-2025/1426**